ગાંધીનગર સમાચાર

ઝાકી ઉર રહેમાન લખવીને છોડી મુકવાનો આદેશ

ઈસ્લામાબાદ,તા. ૧૩

પાકિસ્તાનની જેલમાં હવા ખાઇ રહેલા મુંબઇ હુમલાના માસ્ટરમાઈન્ડ જાકી ઉર રહેમાન લખવીને મુક્ત કરવા માટેનો આદેશ જારી કરવામાં આવ્યો છે. જેથી તેની મુક્તિ માટેનો માર્ગ મોકળો થયો છે. ઈસ્લામાબાદ હાઈકોર્ટે તેને કસ્ટડીમાં રાખવાની બાબત યોગ્ય નથી તેમ કહ્યું છે. મિડિયા અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે લખવીને જેલમાં આ રીતે રાખી શકાય નહી. કોર્ટના આદેશથી ભારે ચર્ચા શરૂ થઇ છે. કોર્ટે એમ કહીને લખવીની મુક્તિના આદેશ જારી કર્યા હતા કે, તેને આ પ્રકારે જેલમાં રાખી શકાય નહીં. પ્રતિબંધત ત્રાસવાદી સંગઠન લશ્કરે તોયબાના લીડર લખવી વર્ષ ૨૦૦૯ બાદથી જેલમાં છે. તે રાવલપિંડીની જેલમાં છે. ઈસ્લામાબાદ હાઇકોર્ટે ગયા વર્ષે ડિસેમ્બરમાં તેને કેટલીક શરતો સાથે મુક્ત કર્યો હતો. પરંતુ તેને થોડાક કલાકોના ગાળા બાદ કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો. આ વખતે કોર્ટે મુક્ત કરવાનો આદેશ જારી કરીને કહ્યું હતું કે ભારતમાં થયેલા હુમલામાં તેની સંડોવણી સાબિત થાય તેવા કોઇ પુરાવા હાથ લાગ્યા નથી. હવે નવો આદેશ જારી કરવામાં આવ્યા બાદ તે મુક્ત થઇ શકે છે. પાકિસ્તાને વિશ્વના દેશોની રજૂઆતને ફગાવી દઇને તેને મુક્ત કરવાની તૈયારી કરી છે. તેની અનેક બાબતોમાં સીધી સંડોવણી રહી છે. લખવીની મુંબઇ હુમલામાં સંડોવણી અંગે ભારત સરકારે કેટલીક વખત પુરાવા આપ્યા હતા. જો કે પાકિસ્તાને દલીલ કરી છે કે પુરાવા અપુરતા છે. આ મુદ્દે ભારત અનેપાકિસ્તાન સામ સામે રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતના વાણિજ્ય પાટનગર મુંબઈમાં વર્ષ ૨૦૦૮માં ત્રાસવાદી હુમલો થયો હતો જેમાં ૧૬૬ લોકોના મોત થયા હતા અને સેકડો લોકો ઘાયલ થયા હતા. કરોડોની સંપત્તિનું નુકસાન થયું હતું. લખવી એવા સાત લોકોમાં સામેલ છે જેના ઉપર મુંબઈ હુમલાને લઈને પાકિસ્તાનમાં કેસ ચાલી રહ્યો છે. હજુ સુધી આ કેસમાં પરિણામ આવી શક્યા નથી. ભારતે અનેક વખત પાકિસ્તાનને ચેતવણી આપી છે કે, આ કેસમાં ધીમી ગતિએ સુનાવણી ચાલી રહી છે જે તેને

સ્વીકાર્ય નથી. આતંકવાદી સામે પાકિસ્તાનની કટિબદ્ધતા આના કારણે નબળી પડી રહી છે. ભારતીય તપાસકારોએ પાકિસ્તાનને વોઇસ સેમ્પલ અને બીજા પુરાવા પણ સોંપ્યા હતા જેમાં લખવી સેટેલાઇટ ફોન ઉપર ૧૦ ત્રાસવાદીઓ સાથે વાતચીત કરી રહ્યો હતો જે દરિયાઇ માર્ગ મારફતે મુંબઈમાં આવ્યા હતા અને ઘણી જગ્યાએ હુમલા કર્યા હતા. ભારતની ચિંતાને વધારી દઇને ઈસ્લામાબાદ હાઈકોર્ટે રહેમાન લખવીના અટકાયતી આદેશને ગેરકાયદે ગણાવીને તેને મુક્ત કરવાનો હુકમ કર્યો હતો. કોર્ટના અધિકારીએ વિગત આપતા કહ્યું છે કે, તેની અટકાયત સામે લખવીની અરજીને ઈસ્લામાબાદ હાઈકોર્ટે સ્વીકારી લીધી હતી અને તેની તરત મુક્તિનો આદેશ કર્યો હતો. ઈસ્લામાબાદ હાઈકોર્ટના જજ નુરુલ હક કુરેશીએ લખવીને અટકાયતમાં રાખવાના સરકારના આદેશને ગેરકાયદે ગણાવ્યો હતો. લખવીના વકીલ રાજા રિઝવાન અબ્બાસીએ કહ્યું હતું કે, તેના અસીલની મુક્તિ માટે અબીલા જેલ રાવલપિંડીના વહીવટીતંત્રને કોર્ટના આદેશની નકલ સોંપશે. કોર્ટનો આદેશ જેલ સત્તાવાળાઓને હજુ સુધી મળ્યો નથી. પાકિસ્તાનના ગૃહ મંત્રાલયના સૂત્રોએ કહ્યું છે કે, પાકિસ્તાન સરકાર જાહેર સુરક્ષા આદેશ હેઠળ લખવીને અટકાયત હેઠળ રાખી શકે છે. કારણ કે કોર્ટે કેટલીક શરતો મુકી છે. હાઈકોર્ટે એમપીઓ હેઠળ ૩૦ દિવસના અટકાયતી આદેશને સસ્પેન્ડ કરી દીધો છે. ૧૮મી ડિસેમ્બરના દિવસે ટ્રાયલ કોર્ટે લખવીને જામીન આપ્યા હતા પરંતુ તેની આગલા દિવસે એમપીઓ હેઠળ ફરી ધરપકડ કરી લેવાઈ હતી. પાકિસ્તાનમાં મુંબઈ હુમલા કેસના સંદર્ભમાં ૨૦૦૯થી ટ્રાયલ ચાલી રહી છે.

પાક રાજદૂતને બોલાવી નારાજગી વ્યક્ત કરાઈ

લખવીને છોડવાના આદેશથી ભારત નાખુશ : ઉગ્ર રજૂઆત

નવીદિલ્હી,તા. ૧૩

મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ અને સીધી સંડોવણી ધરાવનાર તોઈબાના કમાન્ડર જાકીઉર રહેમાન લખવીને છોડી મુકવા પાકિસ્તાની કોર્ટે આદેશ કર્યા બાદ ભારત ભારે લાલઘુમ દેખાઈ રહ્યું છે. લખવીને અટકાયતમાં રાખવાની બાબત ગેરકાયદે છે તેવું તારણ આજે પાકિસ્તાનની હાઈકોર્ટે આપ્યું હતું. ભારત સરકાર ભારે નાખુશ દેખાઈ રહી છે. પાકિસ્તાન સરકાર સમક્ષ જોરદાર વિરોધ પણ મોદી સરકારે નોંધાવ્યો છે. સત્તાવાર સુત્રોએ કહ્યું છે કે, પાકિસ્તાનમાં સર્વોચ્ચ સ્તરે આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે. મિડિયા અહેવાલ મુજબ સરકારે જોરદાર નારાજગી વ્યક્ત કરીને આ સંદર્ભમાં વિરોધ નોંધાવવા પાકિસ્તાની રાજદૂત અબ્દુલ બાસિત સામે સમન્સ જારી કરીને તેમને બોલાવ્યા હતા અને જોરદાર રજૂઆત કરી હતી. ગૃહમંત્રાલયનું કહેવું છે કે, પાકિસ્તાન સરકારની એવી જવાબદારી છે કે, લખવી જેલમાંથી બહાર ન આવે. આ માટે પાકિસ્તાન સરકારે તમામ પગલા લેવા જોઈએ. ગૃહમંત્રાલયે પાકિસ્તાનને ફરી યાદ અપાવી છે કે, ખરાબ અને સારા ત્રાસવાદીઓ હોઈ શકે નહીં. સંસદમાં પણ આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. લખવીના સંદર્ભમાં પાકિસ્તાની કોર્ટના આદેશ બાદ ભારતમાં આકરી પ્રતિક્રિયા આપવામાં આવી છે. ગૃહમંત્રાલય દ્વારા નિવેદન જારી કરીને જણાવવામાં આવ્યું છે કે, આ ખુબ જ કમનસીબ બાબત છે.

કેરળ વિધાનસભામાં ભારે મારામારીના દૃશ્ય જોવા મળ્યા

થિરુવંનતપુરમ,તા. ૧૩

કેરળ વિધાનસભામાં આજે ભારે મારામારીના દૃશ્યો સર્જાયા હતા. અભૂતપૂર્વ દેખાવો પણ થયા હતા. નાણામંત્રી કેએમ મણિ જ્યારે બજેટ રજૂ કરી રહ્યા હતા ત્યારે જોરદાર દેખાવો કરાયા હતા. આ ઉપરાંત કેરળ વિધાનસભાની બહાર પોલીસ સાથેની અથડામણ દરમિયાન ડાબેરી સમર્થકને હાર્ટએટેક આવતા તેનું મોત થયું હતું. ડાબેરીઓ અને ભાજપ યુવા મોરચાના હજારો કાર્યકરોએ વિધાનસભાનો ઘેરાવ કર્યો હતો. દેખાવકારોએ પોલીસ ઉપર પથ્થરમારો કર્યો હતો જેના જવાબમાં પોલીસને ટીયરગેસના સેલ છોડવાની ફરજ પડી હતી. કેરળ વિધાનસભામાં પણ શરમજનક દૃશ્યો સર્જાયા હતા. નાણામંત્રી મણિ પોતે લાંચ રુશ્વત કેસમાં આક્ષેપોનો સામનો કરી રહ્યા છે. તેઓ ધાંધલ ધમાલ વચ્ચે બજેટ રજૂ કરવા ગૃહમાં પહોંચી ગયા હતા. અપેક્ષા મુજબ જ હિંસાની શરૂઆત થઈ હતી. વિધાનસભા તરફ દોરી જતા તમામ રસ્તાઓને બ્લોક કરવામાં આવ્યા હતા. મણિ અને તેમના કેટલાક સાથીઓ ગઈકાલના સત્ર બાદથી જ વિધાનસભા સંકુલમાં રોકાયા હતા. મણિના રાજીનામાની જોરદાર માંગણી થઈ હતી. વિરોધ પક્ષના ધારાસભ્યો અને વરિષ્ઠ નેતાઓ ગૃહની વચ્ચોવચ આવી ગયા હતા અને દેખાવો કર્યા હતા. મણિ કોઈરીતે વિધાનસભામાં પહોંચી ગયા હતા. પાછલા બારણેથી વિધાનસભામાં પહોંચ્યા બાદ બજેટની કેટલીક બાબતો વાંચી હતી. વિપક્ષી સભ્યો અને સ્ટાફ વચ્ચે અથડામણ થઈ હતી.

એલડીએફના ધારાસભ્યો અધ્યક્ષના મંચ સુધી પહોંચી ગયા હતા. ખુરશીઓ ઉછળી હતી. માઈકો ફેંકવામાં આવ્યા હતા. આ ગાળા દરમિયાન સીપીઆઈના ધારાસભ્ય બેભાન થઈ ગયા હતા. આક્ષેપ પ્રતિઆક્ષેપોનો દોર જોરદાર રીતે ચાલ્યો હતો. પોલીસ સાથેની ઝપાઝપી દરમિયાન પણ કેટલાક લોકોને ઈજાઓ થઈ હતી.

કર્મચારી ઘરમાં વધારે પગાર લઇને જઇ શકશે નહીં પણ ફાયદો

ઈપીએફ કાયદામાં મોટા ફેરફાર થશે

નવી દિલ્હી,તા. ૧૩

કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર ઈમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ (ઈપીએફ) કાયદામાં ધરખમ ફેરફાર કરવાની યોજના ધરાવે છે. કર્મચારીઓ તરફથી ૧૨ ટકા ફરજિયાત યોગદાન આપવાની વ્યવસ્થાને ખતમ કરવાની હિલચાલ ચાલી રહી છે પરંતુ પીએફ ઉપર થનાર કંપનીના ખર્ચને સરકાર જારી રાખવાની તરફેણમાં દેખાઈ રહી છે. આની સાથે સાથે નાણામંત્રાલય ઈપીએફની હદને માત્ર બેઝિક સેલરીથી દૂર કરીને તેમાં દરેક પ્રકારના ભથ્થાને પણ સામેલ કરવા ઈચ્છુક છે. તમામપ્રકારના ભથ્થામાં કર્મચારીઓને અધિકૃત રજાઓ, હડતાળ અને કર્મચારીઓની બાદબાકી માટે ચુકવણી કરાતી રકમ પણ સામેલ છે. આ ઉપરાંત એવા અન્ય ભથ્થાઓને પણ સામેલ કરવામાં આવશે જે કંપની કર્મચારીઓને બે મહિનાથી ઓછા અંતર ઉપર ચુકવણી કરે છે. હાલમાં જે ફેરફારની વાત થઈ રહી છે તેની દરખાસ્ત આશરે બે વર્ષ અગાઉ આવી હતી પરંતુ એ વખતે ઈન્ડસ્ટ્રી ચેમ્બર્સે કંપનીઓ ઉપર ભારે પગાર બોજની વાત કરીને આનો વિરોધ કર્યો હતો જેના લીધે દરખાસ્તને પરત ખેંચી લેવામાં આવી હતી. કેન્દ્ર સરકાર હવેઆ દરખાસ્તનેફરી લાવવા માંગે છે જેના પરિણામ સ્વરપે કર્મચારીના ખિસ્સામાંદર મહિને પગાર તરીકે રકમ ઓછી આવશે પરંતુ પ્રોવિડંડ ફંડમાં આનાથી વધારે રકમ જમા થશે. એમ્પ્લોઈઝ ઘરે વધારે પગાર લઈને જઈ શકશે નહીં. આના માટે કેટલાક ઈન્ડસ્ટ્રી સેગ્મેન્ટ અને કંપનીઓમાં કર્મચારીઓને ઓછા યોગદાન આપવાની જોગવાઈ બનાવવામાં આવશે. ટૂંકમાં આ સંદર્ભમાં જાહેરનામુ જારી થશે. આ કાયદાના મુસદ્દામાં એવી કંપનીઓને પણ સામેલ કરી લેવામાં આવશે જ્યાં ૨૦થી ઓછા લોકો કામ કરી રહ્યા છે. ઈપીએફ ઓર્ગેનાઈઝેશનના સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીની રચનામાં ફેરફાર થશે. આમા કંપનીઓ અને કર્મચારીઓના પાંચ-પાંચ પ્રતિનિધિઓને સામેલ કરાશે. આમા બોર્ડ મેમ્બર્સની અવધિને પણ બે સતત અવધિ સુધી પ્રતિબંધ હેઠળ લેવાનો નિર્ણય કરાયો છે. આ બિલના ભયથી ટ્રેડ યુનિયનો શ્રમ અને નાણા મંત્રાલયના પ્રતિનિધિઓ સાથે વાતચીતના મૂડમાં દેખાઈ રહ્યા છે. કેટલાક નવા પાસા આમાં ઉમેરવામાં આવશે. જ્યારે કેટલીક જોગવાઈ દુર કરવામાં આવે તેવી શક્યતા છે. એપ્લેટ ટ્રિબ્યુનલને મજબુત કરવાના પ્રયાસ પણ દરખાસ્ત મારફતે કરવામાં આવી શકે છે. મુસદ્દા દરકાસ્ત તૈયાર કરી લેવામાં આવી છે. ડિફોલ્ટિંગ કંપનીઓના કેસમાં રિક્વરીના નિયમોને પણ અસરકારક બનાવી દેવામાં આવ્યા છે. સાથે સાથે દંડની રકમને વધારી દેવામાં આવનાર છે. સરકાર જે ફેરફાર કરવા માંગે છે તે પૈકી સ્ટાફ દ્વારા ૧૨ ટકા ઈપીફ યોગદાનને દુર કરવામાં આવી શકે છે. જ્યારે કંપનીની હિસ્સેદારી યથાવતરીતે રહી શકે છે. સરકાર સુધારાના ભાગરૂપે વાસ્તિવક પગારની ગણતરી કરવા બેઝિક સાથે તમામ ભથ્થાને ક્લબ કરી દેવામાં આવ્યા બાદ ઈપીએફ ડિડક્ટ કરવાની યોજના છે. આ સુધારાના કારણે પીએફમાં વધુ અને ઉંચા ટ્રાન્સફરની સ્થિતી સર્જાશે. પરંતુ ઘરે લઈ જવાતી રકમમાં ઘટાડો થઈ શકે છે. સરકાર નવા નિયમો હેઠળ કેટલીક જોગવાઈ અન્ય પણ કરનાર છે. જેના ભાગરૂપે ૨૦થી ઓછા કર્મચારીઓ ધરાવનાર કંપનીઓને આવરી લેવાની તૈયારી છે. ઈપીએફ આવી કંપનીઓને પણ આવરી લે તેવી ઈચ્છા ધરાવે છે. ટ્રેડ યુનિયનો દ્વારા કેટલાક પાસાને લઈને વિરોધ કરવામાં આવ્યો છે. મોટા ફેરફારને લઈને અંતિમ નિર્ણય ક્યારેય લેવાશે તે અંગે ટુંકમાં જાહેરાત કરાશે. જો કે જોગવાઈ અસરકારક રહી શકે છે. હાલમાં મોદી સરકાર આર્થિક સુધારા અને ડિસઈનવેસ્ટમેન્ટ પર ધ્યાન આપી રહી છે.

કેજરીવાલનો હવે મુસ્લિમ વિરોધી ચહેરો સપાટી પર

નવી દિલ્હી,તા. ૧૩

એકપછી એક સ્ટિંગમાં દિલ્હીમાં હાલમાં પ્રચંડ બહુમતિ મેળવનાર આમ આદમી પાર્ટી ફસાઈ રહી છે. હવે પાર્ટીના માઈનોરિટી સેલ દ્વારા પણ બળવો કરવામાં આવ્યો છે. સેલના જનરલ સેક્રેટરી શાહિદ આઝાદે મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલને આવરી લેતા એક સનસનાટીપૂર્ણ ઓડિયો જારી કરતા ચકચાર મચી ગઈ છે. એક ટીવી ચેનલ સાથેની વાતચીતમાં શાહિદે આક્ષેપ કર્યો છે કે કેજરીવાલે દિલ્હી વિધાનસભાની ચૂંટણી દરમિયાન લઘુમતિ ઉમેદવારોને તેમની વસ્તી મુજબ ટિકિટ આપી ન હતી. મુસ્લિમ ઉમેદવારોને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દહેશત દર્શાવીને તેમને ટિકિટથી વંચિત રાખવામાં આવ્યા હતા. સુત્રોના કહેવા મુજબ આ ઓડિયો ટેપમાં કેજરીવાલ કહી રહ્યા છે કે મુસ્લિમ વિસ્તારોમાં જો મુસ્લિમને ટિકિટ મળશે તો મત વહેંચાઈ જશે અને ભાજપ જીતી જશે. નરેન્દ્ર મોદીની લહેરને રોકવા માટે આપની પાસે અન્ય કોઈ વિકલ્પ નથી. આ નિવેદન ક્યારનુ છે તે સંબંધમાં હજુ સુધી કોઈ માહિતી મળી શકી નથી. પરંતુ તકલીફ સતત વધી રહી છે. તેમણે કહ્યું હતું કે પાર્ટી પર એક જુથ સંપૂર્ણ કબજો ધરાવે છે. કેજરીવાલના બે ચહેરા છે. એક રૂમની અંદર અને અન્ય રૂમની બહાર છે. શાહિદે દાવો કર્યો છે કે ગયા વર્ષે ઈસ્લામિક સેન્ટરમાં કેજરીવાલે માઈનોરિટીના હકમાં ભાષણ આપ્યું હતુ. તેમણે કહ્યું હતું કે લોકશાહી દેશની સુન્દરતા સંસદ અને વિધાનસભામાં દેખાય તે જરૂરી છે. કેજરીવાલની ખાતરી બાદ પાર્ટીના આ સેલે ૨ પમી નવેમ્બરે એક ઠરાવ પસાર કર્યો હતો. જેમાં નિર્ણય કરવામાં આવ્યો હતો કે દિલ્હીમાં ચૂંટણીમાં ૧૦ મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપવામાં આવસે સાથે સાથે એક ખ્રિસ્તી ઉમેદવારને પણ ટિકિટ આપવામાંઆવશે. પરંતુ ટિકિટ આપતી વેળા ઠરાવની અવગણના કરવામા આવી હતી. કેજરીવાલે કહ્યું હતું કે મુસ્લિમોની ચિંતા મોદીને હાર આપવાની છે. દિલ્હીમાં ચૂંટણી જીતી વિધાનસભામાં પહોંચવાની નથી.

ઉંઘતી વેળા દવાઓ લેવાથી બ્લડપ્રેશરમાં ઘટાડો થાય છે

ન્યૂયોર્ક, તા. ૧૩

તાજેતરમાં જ કરવામાં આવેલા એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ઉંઘવાના સમયે બ્લડપ્રેસર સાથે સંબંધિત દવાઓ લેવાથી વધુ ફાયદો મળે છે. હાઈપર ટેન્શનને અંકુશમાં લેવામાં ઉંઘતી વેળા દવા લેવાની બાબત વધારે ફાયદો કરી જાય છે. આ ઉપરાંત હાર્ટ અટેક અને સ્ટ્રોકના ખતરાને ઘટાડવામાં પણ ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. તાજેતરમાં જ સ્પેનિશ અભ્યાસના તારણો અમેરિકન સોસાયટી ઓફ નેફ્રોલોજીમાં પ્રકાશિત થયા હતા. અભ્યાસના ભાગરૂપે મોટી સંખ્યામાં લોકોને આવરી લેવામાં આવ્યા હતા. આમા જાણવા મળ્યું કે ઉંઘતી વેળા જે લોકો બ્લડપ્રેસર સાથે સંબંધિત દવાઓ લઈ રહ્યા છે તેમને ફાયદો થયો છે. અભ્યાસના ભાગરૂપે ક્રોનિક કિડનીની તકલીફ અને હાઈપર ટેન્શનથી ગ્રસ્ત લોકો પૈકીના અડધા લોકોએ ઉંઘતી વેળા બ્લડપ્રેસરની દવા લીધી હતી. જ્યારે ૬૬૧ દર્દીઓ પૈકીના અડધા દર્દીઓએ સવારમાં આ દવા લીધી હતી. ૪-૫ વર્ષના ગાળા બાદ ફરી તેમના પર પરિક્ષણ કરવામાં આવ્યા બાદ જાણવા મળ્યું કે, જે લોકો ઉંઘતી વેળા આ દવા લઈ રહ્યા હતા તે લોકોને ફાયદો થયો છે અને તેમના બ્લડપ્રેસરને અંકુશમાં લેવામાં તેઓ સફળ રહ્યા છે અને હાર્ટ અટેલ અને સ્ટ્રોક જેવા હુમલાઓના ખતરાને પણ ઘટાડી શક્યા છે. અભ્યાસમાં જાણવા મળ્યું કે, રાત્રે ઉંઘતી વેળા બ્લડપ્રેશરને ઘટાડતી દવા લેનાર લોકોને ફાયદો થયો છે. આવા લોકોને જુદા જુદા રોગ થવાનો ખતરો સવારમાં તમામ દવાઓ લેતા દર્દીઓ કરતા એક તૃતિયાંશ ઓછો છે. અભ્યાસના તારણો ખૂબ જ મહત્વપૂર્ણ છે. રાત્રે દવા લેનાર લોકો ઉંઘતી વેળા બ્લડ પ્રેશરને સરેરાશ ઘટાડવામાં પણ સફળ રહ્યા છે. સ્પેનિશ અભ્યાસના તારણોને અમેરિકી જનરલમાં પ્રકાશિત કરવામાં આવ્યા બાદ આમા વધુ અભ્યાસની પ્રવૃતિ હવે હાથ ધરવામાં આવશે.

ભારત સતત છઠ્ઠી જીત મેળવી લેવા માટે તૈયાર

ઓકલેન્ડ,તા. ૧૩

ભારત અને ઝિમ્બાબ્વેની વચ્ચે આવતીકાલે ઓકલેન્ડના ઈડન પાર્ક ખાતે આઈસીસી વર્લ્ડ કપમા ગ્રુપ બીની એક મેચ રમાનાર છે. હજુ સુધી વર્લ્ડ કપમાં સતત પાંચ જીત મેળવી લીધા બાદ મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં ભારતીય ટીમ સતત છઠ્ઠી જીત મેળવી લેવા માટે સજ્જ છે. ભારતીય ટીમના બેટ્સમેનો અને બોલરોના ફોર્મને જોતા ભારતીય ટીમ સરળતાથી આ મેચ જીતી જશે તેવી શક્યતા છે. જો કે નવા રેકોર્ડ પર નજર રહેશે. વર્લ્ડ કપમાં જંગી સ્કોર થઈ રહ્યા છે જેથી ભારતીય સ્ટાર ખેલાડી પાસેથી પણ ભારે આશા રહેલી છે. જાણકાર લોકો કહી રહ્યા છે કે જો ભારતીય ટીમની પહેલા બેટિંગ આવશે તો જંગી સ્કોર જોવા મળી શકે છે. રોહિત શર્મા,

શિખર ધવન અને વિરાટ કોહલી જોરદાર ફોર્મમાં દેખાઈ રહ્યા છે. બીજી બાજુ ઝિમ્બાબ્વે લડાયક દેખાવ કરવા માટે સજ્જ છે.

શનિવારે રમાનારી મેચમાં સ્ટાર ખેલાડી પર નજર રહેશે. મોટા ભાગના ક્રિકેટ ચાહકો અને નિષ્ણાંતો માની રહ્યા છે કે ભારતીય ખેલાડીઓના શાનદાર ફોર્મને જોતા આ મેચ એકતરફી બની રહેશે. પરંતું હાલમાં નવા નવા રેકોર્ડ સર્જાઈ રહ્યા છે તેવી સ્થિતીમાં કોઈ પ્રમાણમાં નબળી ટીમ સામે સ્ટાર ખેલાડીઓ કોઈ નવા રેકોર્ડ કરી શકે છે કે કેમ તેના પર હવે તમામની નજર રહે છે. ભારતે તેની હજુ સુધીની તેની પાંચેય મેચો જીતી લીધી છે. જે પૈકી પ્રથમ મેચમાં ૧૫મી ફેબ્રુઆરીના દિવસે ભારતે તેના નજીકના હરિફ પાકિસ્તાન પર અને ૨૨મી ફેબ્રુઆરીના દિવસે દક્ષિણ આફ્રિકા પર શાનદાર જીત મેળવી હતી. ત્યારબાદ ચોથી માર્ચના દિવસે યુઈએ પર જીત મેળવી હતી. છેલ્લે ભારતે વિન્ડીઝ અને આયર્લેન્ડ પર જીત મેળવી હતી. ભારત ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી ચુક્યું છે. પરંતુ તે જીતના સિલસિલાને જાળવી રાખવા માટે મક્કમ છે. પોતાની તમામ મેચ જીતી લીધા બાદ ભારત હવે ફેવરીટ છે. વિરાટ કોહલી, સુરેશ રેના, મહેન્દ્રસિંહ ધોની, શિખર ધવન અને રહાણે પર તમામની નજર રહેશે. તમામ ખેલાડી શાનદાર ફોર્મમાં દેખાઈ રહ્યા છે. શિખર ધવન છેલ્લે આફ્રિકા અને આયર્લેન્ડ સામે શાનદાર સદી કરીને ટીમ મેનેજમેન્ટ અને ખેલાડીઓની ઓપનિંગને લઈને ચિંતા દુર કરી ચુક્યો છે. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં બીજી વખત વર્લ્ડ કપનુ આયોજન કરવામા આવ્યું છે. અગાઉ વર્ષ ૧૯૯૨માં આનુ આયોજન કરવામાં આવ્યું હતુ. વર્તમાન ચેમ્પિયન ભારત કપને જાળવી રાખવા માટે સજ્જ છે. વર્લ્ડ કપની મેચો ૨૯મી માર્ચ સુધી ચાલશે. તમામ મેચો ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના મેદાનમાં રમાશે. રાઉન્ડ રોબિન અને નોકઆઉટ ફોર્મેટના આધારે મેચો રમાનાર છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ દ્વારા ટુર્નામેન્ટ માટે કુલ ઈનામી રકમ ૧૦ કરોડ રૂપિયા રાખવામાં આવી છે. જે વર્ષ ૨૦૧૧માં રમાયેલા છેલ્લા વર્લ્ડ કપ કરતા ૨૦ ટકા વધારે ઈનામી રકમ છે. ઝિમ્બાબ્વેની પાસે પણ કેટલાક એવા ખેલાડી છે જે અપસેટ સર્જવાની તાકાત ધરાવે છે.

માંઝી સામે જેડીયુ ટૂંકમાં કઠોર પગલા લે તેવી વકી

પટણા,તા. ૧૩

બિહારમાં શાસક જેડીયુ દ્વારા પક્ષના આદેશનો ભંગ કરવા બદલ ભૂતપૂર્વ મુખ્યમંત્રી જીતનરામ માંઝી સામે પગલા લેવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. બે દિવસ અગાઉ મુખ્યમંત્રી નીતિશકુમાર દ્વારા વિશ્વાસમત મેળવવામાં આવ્યો હતો. એ ગાળા દરમિયાન જીતનરામ માંઝી મતદાનમાં જોડાયા ન હતા.

આજે પક્ષના સંસદીય બાબતોના પ્રધાને માહિતી આપતા કહ્યું હતું કે, ચોક્કસ પણે માંઝી સામે પગલા લેવામાં આવશે. ટોપ લીડરો તરફથી આદેશ મળ્યા બાદ પગલા લેવાશે. જનતા દળ યુનાઈટેડના મુખ્ય દંડક શ્રવણ કુમારે કહ્યું છે કે, તેમની સામે પગલાને લઈને હિલચાલ ચાલી રહી છે. માંઝી સામે પગલા ટૂંકમાં જ જાહેર કરવામાં આવશે. આ દેશ માત્ર જેડીયુના ધારાસભ્યો માટે જ નહીં બલ્કે માંઝીના નેતૃત્વમાં બળવાખોરો માટે પણ લાગૂ પડે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, નીતિશકુમારે બે દિવસ અગાઉ વિશ્વાસમત મેળવ્યો ત્યારે માંઝીના નજીકના અડધા ડઝન જેટલા જેડીયુના સભ્યો ગેરહાજર રહ્યા હતા. માંઝીએ પત્ર લખીને વાંધો ઉઠાવ્યો હતો. નીતિશ કુમાર અને માંઝી વચ્ચે હાલમાં જોરદાર ખેંચતાણની સ્થિતિ રહેલી છે.

શ્રીલંકન સંસદને મોદી દ્વારા ઐતિહાસિક સંબોધન કરાયું

માછીમારોની સમસ્યાને ટૂંકમાં ઉકેલવા મોદીએ ખાતરી આપી

કોલંબો, તા. ૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે શ્રીલંકાની સાથે સંબંધોને વધુ મજબૂત કરવા ઉપર ભાર મુક્યો હતો. મોદી બે દિવસની યાત્રા આજે સવારે શ્રીલંકા પહોંચ્યા હતા. ભારત અને શ્રીલંકા વચ્ચે ચાર સમજૂતિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. મોદીએ કહ્યું છે કે, ભારત અને શ્રીલંકા વચ્ચેના વેપારને વધુ સરળ બનાવવાના પ્રયાસ કરવામાં આવશે. આર્થિક સંબંધોને સુધારવા માટે ભાર મુકવામાં આવશે. શ્રીલંકા અને ભારત વચ્ચે ચાર સમજૂતિ થઈ છે જે પૈકી વિઝા, સરહદી ટેક્સ, યુવા વિકાસ અને રવિન્દ્રનાથ ટાગોર સ્મારકના નિર્માણ સંબંધિત સમજૂતિનો સમાવેશ થાય છે. મોદીએ કહ્યું હતું કે, ત્રિન્કોમાલીને પેટ્રોલિયમ કેન્દ્ર બનાવવામાં મદદરુપ થવા માટે ભારત તૈયાર છે. આરબીઆઈ અને સેન્ટ્રલ બેંક ઓફ શ્રીલંકા ૧.૫ અબજ ડોલરની નાણાંની પરસ્પર અદલાબદલી કરવા માટે તૈયાર છે. આનાથી શ્રીલંકન રૂપિયાને સ્થિર કરવામાં મદદ મળશે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, નવી દિલ્હીથી કોલંબો વચ્ચે સીધી ફ્લાઈટ



રહેશે. એર ઈન્ડિયા ટૂંકમાં જ સેવા શરૂ કરશે. ભારતમાં બુદ્ધ સર્કિટ ટ્રેન દોડાવવામાં આવશે. ૧૪મી એપ્રિલથી વિઝા ઓન એરાઈવલ આપમાં આવશે. તમિળ-સિંઘલી પર્વ પર વિઝા ઓનલાઈન આપવામાં આવશે. મોદીએ શ્રીલંકામાં રામાયણ ટ્રેન દોડાવવાની પણ જાહેરાત કરી હતી. દરિયાઈ અર્થવ્યવસ્થા પર સંયુક્ત ફોર્સ બનાવવા અને માનવીય આધાર પર મુદ્દાઓને ઉકેલવા ઉપર ભાર મુક્યો હતો. બંને દેશો માછીમારોની સમસ્યાને ઉકેલવા માટે પણ તૈયાર છે. છેલ્લા ૨૮ વર્ષમાં શ્રીલંકાની મુલાકાત લેનાર મોદી પ્રથમ ભારતીય વડાપ્રધાન છે. શ્રીલંકાના પ્રમુખ સાથે પણ તેઓએ વાતચીત કરી હતી. જાન્યુઆરી મહિનામાં કારોબારી સંભાળી લીધા બાદ પ્રથમ વિદેશ યાત્રાના ભાગરુપે શ્રીલંકન પ્રમુખ મૈત્રીપાલા ભારત આવ્યા હતા. મોદીએ શ્રીલંકન પાટનગરમાં પહોંચીને વિવિધ મુદ્દાઓ ઉપર ચર્ચા કરી હતી. શ્રીલંકન સંસદને પણ સંબોધન કર્યું હતું. શ્રીલંકામાં મોદીએ જુદા જુદા વિસ્તારોની મુલાકાત લીધી હતી જેમાં મહાબોધી સોસાયટીની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત શ્રીલંકાની કુદરતી ખુબસુરતીથી ખુબ પ્રભાવિત થયા હોવાની વાત કરી હતી.

સમાચાર ઝલક

- રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની ૬૮મી પૂણ્યતિથિએ કર્મભૂમિ બોટાદમાં 'મેઘાણી વંદના' કાર્યક્રમ યોજાયો.
- ગુજરાત સૌર ઉર્જાનું ૫૦ ટકા ઉત્પાદન કરે છે.
- પરીક્ષામાં ચોરી કરવાનો નવો કીમીયો, બ્લુ ટુથ કનેક્ટ સાથે પરીક્ષાર્થી ઝડપાયો.
- એકલી મહિલાઓ માટે સૌથી સુરક્ષિત અમદાવાદ શહેર - સર્વેનું તારણ.
- ૩૦૦ જ્યોતિષીઓની આગાહી, જુલાઈ-૧૫ પછી એક વર્ષ સુધીમાં લગ્ન થાય તો છુટાછેડામાં પરિણમશે.
- કચ્છમાં અનાથ આશ્રમના નામે શખ્સોએ ફાળો ઉઘરાવ્યો- ૯ લાખની છેતરપિંડી કરી.
- તમિલ ન્યુઝ ચેનલની ઓફિસ પર ક્રુડ બોમ્બ ફેંકાયો.
- ટેલિફોન ટેરિફ દર સમગ્ર વિશ્વમાં ભારતમાં ઓછા છે.
- કરાંચીમાં ૧૬મી માર્ચે હોળી નિમિત્તે હિન્દુ સમાજ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજશે.